આદર્શ નિવાસી શાળા (વિ.જા.), થરાદમાં વીજળીકરણ તથા સ્ટ્રીટલાઇટના રીનોવેશનના કામ માટે થનાર રૂા.૧૯,૮૪,૨૬૦/-ખર્ચને મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:**SJED/MIS/e-file/17/2023/1118/A-1**
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરનો તા.૨૮/૦૮/૨૦૨૩નો પત્ર ક્રમાંક: વિજાક/આનિશા/૨૦૨૩-૨૪/૪૪૨

**આમુખ :**

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરીએ વંચાણે લીધેલા તા.૨૮/૦૮/૨૦૨૩ના પત્રથી આદર્શ નિવાસી શાળા (વિ.જા.) થરાદમાં વીજળીકરણ તથા સ્ટ્રીટલાઇટના રીનોવેશનના કામ માટે થનાર રૂા.૧૯,૮૪,૨૬૦/-(અંકે રૂપિયા ઓગણીસ લાખ ચૌર્યાસી હજાર બસો સાઇઠ પૂરા) ખર્ચને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા (વિ.જા.), થરાદમાં વીજળીકરણ તથા સ્ટ્રીટલાઇટના રીનોવેશનના કામ માટે થનાર રૂા.૧૯,૮૪,૨૬૦/-(અંકે રૂપિયા ઓગણીસ લાખ ચૌર્યાસી હજાર બસો સાઇઠ પૂરા) ખર્ચને નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

1. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં થયેલ બજેટ જોગવાઈ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
2. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવ/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
3. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઓચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.
4. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચતરહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
5. આપેલ મંજૂરી અન્વયે થયેલ ખર્ચની વિગતો તેમજ કામગીરી પૂર્ણ કર્યાના અહેવાલની વિગતો વિભાગને રજૂ કરવાની રહેશે.

૨. આ અંગેનું ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર:૪૨ મકાનો હેઠળ ચાલુ વર્ષે (વર્ષ ૨૦૨૩-૨૪) કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૧/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(કેતન ડામોર)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**પ્રતિ,**
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
બ્લોક નં.૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**નકલ રવાના:-**

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી, મહેસાણા વિદ્યુત (મા. મ.) પેટા વિભાગ, ત્રીજો માળ, બ્લોક નં.૧, બહુમાળી મકાન, મહેસાણા.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, મહેસાણા
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.), બનાસકાંઠા (નિયામકશ્રી (વિ.જા.ક.)મારફત)
- સેકશન અધિકારીશ્રી (બજેટ), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂં)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.